# તીડના આક્રમણને ખાળવા તંત્રની કવાયત

ગાંધીનગર, તા.૨૬
રાજયના બનાસકાંઠા જિલ્લાના થરાદ-વાવ-રાડકા સહિતના વિસ્તારોમાં થયેલા તીડના આક્રમણના કારણે ખેડૂતોના પાકને નુકશાન તથા સર્જાયેલી વિકટ સ્થિતીને પહોચી વળવા રાજ્ય સરકારે સઘન આયોજન હાથ ધર્યુ છે. કૃષિ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવએ આ આયોજન તથા તીડ નિયંત્રણ માટે યુદ્ધના ધોરણે હાથ ધરાયેલા પગલાંઓની વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી.



રાજયના કૃષિ-સહકાર અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમારે આ સંદર્ભમાં જણાવ્યું કે, થરાદ તાલુકાના ૪ ગામોની આસપાસ મોટા પ્રમાણમાં જોવા મળેલા તીડનો ભારત સરકારના લોકસ્ટ કંટ્રોલની ૧૯ ટીમ તથા રાજ્ય સરકાર અને સ્થાનિક ૨૫ ટ્રેકટર દ્વારા માઉન્ટેડ સ્પ્રેયરથી દવા છંટકાવ કરીને ૨૫ ટકા તીડનો તો નાશ પણ કરી દેવામાં આવ્યો છે. કૃષિના અધિક મુખ્ય સચિવએ કહ્યું કે, આ તીડના આક્રમણને પરિણામે અંદાજે ૩-૪ હજાર હેકટર વિસ્તારમાં પાક નુકશાનની સંભાવના જણાય છે.

**તીડ આક્રમક સામે ૪૫ ટીમો દ્વારા દવા છંટકાવનું કાર્ય : ૬ હજાર હેક્ટરમાં તીડ દ્વારા નુકસાનની સંભાવના : સર્વે કરીને એસડીઆરએફના ધોરણો મુજબ સહાય ચુકવાશે : ૨૫ ટકા તીડનો નાશ કરવામાં આવ્યો**

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આવા નુકશાન વાળા ખેડૂતોને સહાય આપવાના દિશા નિર્દેશો કૃષિ વિભાગને આપેલા છે. તદઅનુસાર રાજ્ય સરકાર સરવે કરીને એસડીઆરએફના ધારાધોરણ મુજબ નુકશાની સહાય આપશે તેમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે ઉમેર્યુ કે ખેતીવાડી ખાતાની ફિલ્ડની ટીમો દ્વારા તીડની હાજરી અંગે સતત ટ્રેકિંગ કરવામાં આવે છે. અને રાત્રે જ્યાં તીડનું ઝુંડ સેટલ થાય તેનું લોકેશન ગુજરાતની ટીમો દ્વારા રાત્રે શોધી ભારત સરકારની લોકસ્ટ કંટ્રોલ ટીમો તથા ટ્રેકટર માઉન્ટેડ ગુજરાતની ટીમોનું દળ બનાવી વહેલી સવારે ૭ થી ૧૧ કલાક સુધી દવા નો છંટકાવ કરી તીડોનું નિયંત્રણ કરવામાં આવે છે. ૨૪/૧૨ સુધી લોકસ્ટ કંટ્રોલ ટીમની મદદથી કુલ ૧૮૧૫ હેકટરમાં જંતુનાશક દવા મેલાથીઓન ૯૬% નો છંટકાવ કરી તીડનું નિયંત્રણ કરવામાં આવેલું છે.

## ડીસામાં રિક્ષાચાલકોની દબંગગીરી પોલીસ અને ટી. આર. પી. જવાનોની હાજરીમાં જ મુખ્ય રોડ ઉપર રીક્ષાનો જમેલો



જિલ્લાની આર્થિક પાટનગરી એવા ડીસામાં ખાનગી રીક્ષા ચાલકોની દબંગગીરી સામે આવી છે જેમાં શહેરના હાર્દ સમા સરદારબાગ સર્કલ ઉપરના રોડ ઉપર મનફાવે તેમ રીક્ષાઓ ઉભી રાખી પેસેન્જર ભરતા નજરે ચડ્યા હતા. વાહનો અને રાહદારીઓથી સતત ભરચક રહેતા આ સર્કલ ઉપર પોલીસ અને ટી. આર. પી. જવાનોની સૂચક હાજરી હોવા છતાં પણ આ રીક્ષા ચાલકો તેમની પરવા કર્યા સિવાય રોજે રોજ આ રીતે પેસેન્જર ભરતા હોઈ અવાર નવાર ટ્રાફિકમાં અવરોધ ઉભો થાય છે અને ટ્રાફિક ચક્કાજામ થાય છે ત્યારે ખુલ્લેઆમ દબંગગીરી કરી જાહેર રોડને પણ બાનમાં લેતા રીક્ષા ચાલકોને કાયદાનું ભાન કરાવાય તેવો જનમત પ્રવર્તે છે.

## પાલનપુરમાં CAAના સમર્થનમાં ૭૫૦ મીટર ત્રિરંગા સાથે વિશાળ રેલી

**બનાસકાંઠા નાગરિક સમિતિએ રેલી યોજી સરકારને અભિનંદન આપી આભાર વ્યક્ત કરાયો**



પાલનપુર
એકબાજુ દેશભરમાં નાગરિક સુધારા બિલનો વિરોધ થઈ રહ્યો છે. ત્યારે બીજીબાજુ પાલનપુર ખાતે ગુરુવારે બનાસકાંઠા નાગરિક સમિતિના ઉપક્રમે પાલનપુર ખાતે ૭૫૦ મીટર તિરંગા સાથે CAAના સમર્થનમાં વિશાળ રેલી યોજાઈ હતી.

કેન્દ્રની મોદી સરકારે ઝછછ બિલ પાસ કરતા દેશભરમાં અલ્પ સંખ્યકોને ગુમરાહ કરી રાજકીય પક્ષો હિંસક વિરોધ પર ઉતરી આવ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં હિન્દૂ સંગઠનો સહિતના રાષ્ટ્રવાદી સંગઠનો અને વિવિધ સામાજિક સંસ્થાઓ તેના સમર્થનમાં આવી છે. ત્યારે આજે પાલનપુર ખાતે બનાસકાંઠા નાગરિક સમિતિના ઉપક્રમે વિશાળ રેલી યોજાઈ હતી. પાલનપુરના મરઘાં ઉછેર કેન્દ્ર પાસે યોજાયેલી જનસભામાં CAA બિલ વિશે વિસ્તૃત સમજ આપી તે બિલ કોઈની નાગરિકતા છીનવી લેવા માટે નહીં પણ નાગરિકતા આપવા માટેનું બિલ હોઈ તેના થતા રાજકીય વિરોધથી લોકોને અવગત કરાયા હતા. બાદમાં ત્યાંથી ૭૫૦ મીટર લાંબા તિરંગા સાથે વિશાળ રેલી નીકળી હતી. જે રેલી કલેકટર કચેરીએ પહોંચી હતી. જ્યાં અધિક કલેકટરના માધ્યમથી રાષ્ટ્રપતિને ઉદ્દેશીને લખાયેલો પત્ર સોંપવામાં આવ્યો હતો. જેમાં સરકારને સમર્થન આપતા આભાર વ્યક્ત કરાયો હતો. આ કાર્યક્રમમાં સાંસદ પરબતભાઈ પટેલ, ધારાસભ્ય શશીકાંત પંડ્યા, સહીત જિલ્લા ભાજપના અગ્રણીઓ, વિવિધ સામાજિક સંસ્થાઓ, સ્વૈચ્છીક સંસ્થાઓના અગ્રણીઓ સહીત જિલ્લભરમાંથી મોટી સંખ્યામાં રાષ્ટ્રવાદી નાગરિકો હાજર રહ્યા હતા.

## ખેડબ્રહ્મા તાલુકાના મંદિર સૂર્યગ્રહણમાં બંધ રહ્યા

આજે ૨૬ ડિસેમ્બરના રોજ ૨૦૧૯ વર્ષનું છેલ્લું સુર્યગ્રહણ હતુ. ખેડબ્રહ્મા અંબીકા માતાજી મંદિર અને ગઢડા શામળાજી મંદિર બંધ રહ્યા હતાં. ત્યારે સુર્યગ્રહણ સમયે તમામ હિન્દુ મંદિરો બંધ રહ્યા હતા. સુર્યગ્રહણ ખાસ પ્રકારની ફિલ્મના ચશ્મા પહેરીને લોકોએ નઝારો નિહાળ્યો હતો. ખગોળ વૈજ્ઞાનિકો માટે આ અભ્યાસનો વિષય છે. ત્યારે વર્ષની આ છેલ્લી ખગોળિય ઘટનાને નિહાળવા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો. સુર્યગ્રહણના સમયે સવારે ૮ કલાકથી ૧૦-૫૬ સુધી મંદિર બંધ રાખી મંદિરમાં ખાસ પૂજા વિધિ બંધ રાખવામાં આવી હતી. આ સમયે પણ ભક્તો માટે દર્શન બંધ રખાયા હતા. ગુરુવારે ૪૫ વર્ષ પછી કંકણાકૃતિ સુર્યગ્રહણ જોવા મળ્યું હતું. માગશરી અમાષે સુર્યગ્રહણનો અનોખો સંયોગ પેદા થયો હતો. આજે માગશર માસની અમાશના સવારથી તમામ મંદિર બંધ જોવા મળ્યા રહ્યાં હતાં.

## સુઈગામ સીએચસીમા નર્સના મામલે તબીબ વિરુદ્ધ ઉચ્ચ કક્ષાએ રજુઆત

બનાસકાંઠા જિલ્લાના સુઈગામ ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમા ફરજ બજાવતી એક નર્સ ને નાઈટ ડ્યુટી દરમિયાન ફરજ પરના મેડિકલ ઓફિસર તબીબે છેડતી કરતા આ મામલે સુઈગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી જેમાં મામલતદારે નિયમ વિરુદ્ધ તબીબ ને જમીન આપી તેને છટકબારી આપવા માં આવતા અખિલ ભારતીય કુંભકાર સંઘ દ્વારા છેડતી ના બનાવ માં નર્સ ને ન્યાય અપાવવા અને તબીબ વિરુદ્ધ ની ફરીયાદ માં ઘટતું કરવા ની માંગ સાથે જિલ્લા પોલિસ વડા અને જિલ્લા આરોગ્ય અધિકારી નવા રજુઆત કરવામાં આવી છે

સુઈગામ ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૧૧ ડિસેમ્બરના રોજ રાત્રીના દશેક વાગ્યા ના સમયે મેડિકલ ઓફિસર ડો.અશોકચૌધરી એ નાઈટ ડ્યુટીની ફરજ બજાવતી એક નર્સ સાથે પેશન્ટ બાબતે તકરાર કરી બિભત્સ ગાળો બોલી હતી.

જેને લઈ સ્ટાફ નર્સ તબીબ ને ગાળો બોલવા ની ના પાડતા ડોકટરે નર્સને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેને લઈ નર્સે સુઈગામ પોલીસ સ્ટેશનમાં તબીબ વિરુદ્ધ છેડતી કરવા તેમજ મારી નાખવાની ધમકી આપવા બાબતે ગુનો નોંધાવ્યો હતો જેમાં મામલતદારે આરોપી તબીબ ને જમીન ઉપર મુક્ત કરતા સમાજ માં વધતા જતા છેડતી ના બનાવો ને લઈ સમાજ માં રોષ હોઈ આ સ્ટાફ નર્સ ને ન્યાય અપાવવા માટે અખિલ ભારતીય કુંભકાર સંગ દ્વારા પાલનપુર ખાતે નર્સ ની છેડતી માં મામલતદાર દ્વારા નિયમ વિરુદ્ધ તબીબ ને જામીન આપી તેને છટક બારી આપવા મામલે જિલ્લા પોલીસવડા અને જિલ્લા વિકાસ અધિકારી ને લેખિત રજુઆત કરાઈ હતી જેમાં આ મામલે ઘટતું કરવાની માંગ કરાઈ હતી.

## હળવદ બ્રહ્મસમાજ અમદાવાદ દ્વારા વિશિષ્ટ પ્રતિભા સન્માન સમારંભ યોજાયો

**હળવદ બ્રહ્મસમાજ અમદાવાદ દ્વારા વિશિષ્ટ પ્રતિભા સન્માન સમારંભ યોજાયો**

અમદાવાદ
હળવદ બ્રહ્મસમાજ અમદાવાદ તથા હળવદ ભવન ટ્રસ્ટ દ્વારા હળવદ સોલા વિદ્યાપીઠ અમદાવાદ ખાતે વિશિષ્ટ પ્રતિભા સન્માન સમારંભ યોજાયો તેમજ સમાજના તેજસ્વી તારલાઓ વિદ્યાર્થીઓનો નુ સન્માન બ્રહ્મ સમાજ અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું આ પ્રસંગે હળવદ બ્રહ્મ સમાજના દ્વારા પ્રતિભાનુ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના શ્રેષ્ઠીઓ અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો વે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. વિશિષ્ટ પ્રતિમા -વિદ્યાર્થીઓ-વડીલો ને શાલ ઓઢાડી, મોમેન્ટો, આપી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા, બ્રહ્મ સમાજ એક બની પોતાના બાળકોને શિક્ષિત બનાવે બ્રહ્મ સમાજ હંમેશા સમાજના ઘડતર માટે ઉપયોગી રહ્યું છે અને રહેશે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રકાશભાઈ રાવલ ની ટીમ અને હળવદ બ્રહ્મ સમાજ અમદાવાદ અને હળવદ ભવન ટ્રસ્ટના આગેવાનોએ સફળ બનાવવા ભારે જહેમત ઊઠાવી હતી. ફિલ્મ ક્ષેત્રે શનિ પંચોલી, ઓજસ રાવલ તથા ક્રિકેટમાં વિદેશમાં ન્યુઝલેન્ડમાં ભારતનુ નામ રોશન કરનાર જીત રાવલ તેમજ વકીલાતક્ષેત્રે આગવી નામના મેળવનાર અને સામાજિક કાર્યકર વિજયભાઈ જાની, પત્રકારત્વ ક્ષેત્રે આગવી સિદ્ધિ મેળવનાર મયુર રાવલ, મૌલિકભાઈ મહેતા, રાજકીય ક્ષેત્રે હળવદ નગરપાલિકાના પ્રમુખ હીનાબેન રાવલ, પ્રવિણભાઈ દેરાસરી, અતુલભાઈ પાઠક, રમેશભાઈ પાઠક, શરણનાથ યુવક મંડળના નરેશભાઈ રાવલ, સુંદરકાંડ પાઠ મંડળના ચિત્રાંગભાઈ ઠાકર, સુરેશભાઈ જોષી, વગેરે સમાજના વિશિષ્ટ પ્રતિભાઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.



ખેડૂતોને વિમાના રૂપીયા ન ચૂકવાતાં

## ખેડૂત હિતરક્ષક સમિતિ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર



રાજયના મોટાભાગના જિલ્લામાં અતિવૃષ્ટિ થઈ હોવાથી ખેડુતોનો ૧૦૦ ટકા પાક નિષ્ફળ ગયો છે. જયારે રાજય સરકારના નિયમ મુજબ ૧૪૦ ટકા વરસાદ વરસે એટલે લીલો દુષ્કાળ જાહેર કરવામાં આવે છે. ત્યારે રાજયના ખેડુતોએ કરોડો રૂપીયાના પ્રિમિયમ ભરેલા હોવા છતા વિમા કંપનીઓ ખેડુતોને વિમો આપવા માટે ઠાગાઠૈયા કરી રહી છે. જેને પગલે રાજયના ખેડુતોની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે વિમા કંપનીઓ દ્વારા ખેડુતોને વિમાના રૂપીયાની સત્વરે ચુકવણી કરવામાં આવે તેવી માંગ સાથે કિશાન હિતરક્ષક એકતા સમિતિ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

## નેનાવામાં હાઈવે પર વીજળીની લાઈન છતાં નીચે દુકાનો બનાવવાનું કામ ચાલુ

**કામ ચાલુ ન કરવા માટે જી.ઈ.બી. બોર્ડની સૂચના, સૂચનાનું પણ ઉલ્લંઘન? : બોર્ડ કાયદેસરની કાર્યવાહ કરશે**





ધાનેરા તાલુકાના નેનાવા હાઈવે રોડ પર કોન્ટ્રાક્ટર દ્વારા દુકાનોની હારમાળા બનાવી રહ્યા છે અને તે દુકાનોની ઉપરથી મોટી વીજળી ની હેવી લાઈન જાય છે આ કામ ચાલુ કરવા માટે એસ્ટીમેન્ટ ભરીને લાઇન હટાવવાની મંજૂરી લેવી જરૂરી બને છે પરંતુ મજૂરોની કોઈના જીવની પરવા કર્યા વગર દુકાનદારો ધાબા સુધી કામ પૂર્ણ કરી રહ્યા છે જી.ઈ.બી બોર્ડ ને ખબર પડતાં આ બાબતે મૌખિક સૂચના આપેલ કે લાઈન હટાવ્યા પછી કામ ચાલુ કરશો પરંતુ જી.ઈ.બી.બોર્ડની સૂચના નું પણ ઉલ્લંઘન કરી કામ ચાલુ છે આ બાબતે સાહેબને રજૂઆત કરેલ તો ગરીબ મજૂરો આકસ્મિક બનાવ બને અને નુકસાન થાય તો જવાબદાર કોણ? આ બાબતે જી.ઈ.બી. બોર્ડ તાકીદે નોટિસ આપી કાયદેસર કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે.

## પાલનપુરમાં રિક્ષામાં પેસેન્જર બેસાડવા બાબતે માથામાં પાઈપ મારી

**પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે ફરીયાદ નોંધાઇ**

પાલનપુર આકેસણ રોડ પર સીએનજી પેટ્રોલપંપ પાસે ગતરોજ રિક્ષામાં પેસેન્જર બેસાડવા બાબતે ઈસમને માથામા પાઈપ મારતા ફરીયાદ નોંધાવા પામી છે.

પાલનપુર આકેસણ રોડ પર સીએનજી પેટ્રોલ પંપ પાસે પેસેન્જર ભરવા બાબતે થયેલી તકરારમાં એક ઈસમને માથામાં પાઈપ મારી ઈજાઓ કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આકેસણ ગામના મેહુલભાઈ ઉર્ફે શૈલેશ રાવળ નામના ઈસમને રીક્ષામા પેસેન્જર ભરવા બાબતે ઝગડો કરી રિક્ષાના ચાલકે માથામાં પાઈપ મારેલા તથા ઈકો ગાડીના ચાલકે ગડદાપાટુનો માર મારી હોવાની ફરિયાદ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે નોંધાવતા પોલીસે તેમની ફરિયાદ આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નળાસર પાસે બાઈક અને બળદગાડા વચ્ચે અકસ્માત : મહિલાનું મોત



પાલનપુર તાલુકાના નરાસળ ગામ પાસે માલણ રોડ પર ગત સાંજે બાઈક અને બળદગાડા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક મહિલાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતુ. જ્યારે બે જણાને ઈજાઓ થતાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પાલનપુર નજીક સર્જાયેલા અકસ્માત ની પ્રાપ્ત વિગતો મુજબ, અમીરગઢ તાલુકાના કાનપુરા ગામના વતની અને હાલમાં નળાસર ગામે રહેતા રમેશભાઈ શકરાભાઈ દામા બુધવારે સાંજે બાઈક લઈને જઈ રહ્યા હતા. ત્યારે રોડની સાઈડમાં ઉભેલા બળદગાડા સાથે બાઈક ધડાકાભેર અથડાયું હતુ.

આ અકસ્માતમાં બાઈકની પાછળ બેઠેલા લીલાબેન સુરેશભાઈ ચૌહાણને ગંભીર ઈજાઓ થતાં તેણીનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતુ. જ્યારે રમેશભાઈ અને શ્રવણભાઈને ઈજાઓ થતાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## વડગામપંથકની સગીરાનું અપહરણ કરી બળાત્કાર કરનારા આરોપીને આજીવન કેદ

**બનાસકાંઠાની સ્પે. પોકસો કોર્ટના ન્યાયાધીશનો ચૂકાદો : આરોપી દંડ ન ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા કરવાનો હૂકમ**

વડગામ
વડગામપંથકની એક સગીરાનું એક વર્ષ અગાઉ અપહરણ કરી જુદીજુદી જગ્યાએ લઈ જઈ બળાત્કાર ગુજારનારા આરોપીને બનાસકાંઠાની સ્પે. પોકસો કોર્ટે આજીવન કેદની સજા અને રૂપિયા ૨૦,૦૦૦નો દંડ ભરવાનો હૂકમ કર્યો છે.

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના એક ગામની સગીરાને વણસોલ ગામનો દિનેશ કેશાજી ઠાકોર (સોલંકી)એ તારીખ ૨૪/૪/૨૦૧૮ના રોજ એક સગીરાનું મોટર સાયકલ ઉપર અપહરણ કર્યુ હતુ. અને તેણીને ઉંઝા, અમદાવાદ, સુરત ખાતે લઈ જઈ અવાર- નવાર બળાત્કાર કર્યો હતો. આ અંગે વડગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન આ કેસ બનાસકાંઠાની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશ આર. આર. ચૌધરીએ સરકારી વકીલ નૈલેશ એમ. જોષીની દલીલો અને પુરાવા ગ્રાહ્ય રાખી આરોપી દિનેશ કેશાજી ઠાકોરને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૩૫ (૨) અન્વયે પોકસો એકટની કલમ ૫ (એલ) મુજબના ગૂનામાં તકશીરવાર ઠરાવી આજીવન કેદની સજા અને રૂપિયા ૨૦,૦૦૦નો દંડ કર્યો હતો.

જો આરોપી દંડ ન ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા કરવાનો હૂકમ કર્યો હતો. આ ઉપરાંત ઈપીકો ક. ૩૬૩ના ગૂનામાં ત્રણ વર્ષની કેદ અને રૂપિયા બે હજારનો દંડ, જો દંડ ન ભરે તો ત્રણ માસની સાદી કેદ તેમજ કલમ ૩૬૬ના ગૂનામાં પાંચ વર્ષની કેદ અને રૂપિયા ત્રણ હજારનો દંડ જો, દંડ ન ભરે તો ત્રણ માસની સજાનો હૂકમ કર્યો હતો.

### હિન્દુ છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે કે જ્યારે દેશમાં ટૂંક સમયમાં વસ્તી ગણતરી શરૂ થવાની છે જેમાં નાગરિકનો ધર્મ-જાતિ વગેરે પૂછીને વર્ગીકરણ થવાનું છે ત્યારે તેમણે વર્ગ વિશેષને ન ગમે તેવું નિવેદન આપ્યું છે. અત્રે નોંધનીય છે કે ભારતની અંદાજે ૧૩૦ કરોડની વસ્તીમાં હિન્દુઓની સંખ્યા ૯૯ કરોડથી વધારે અને મુસ્લિમોની વસ્તી ૧૮ કરોડની આસપાસ છે. આરએસએસના પ્રમુખ ભાગવતે વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં રહેતા ભારત માતાના સપૂત, પછી તે કોઈપણ ભાષા બોલતા હોય, કોઈપણ ક્ષેત્રના હોય, કોઈપણ રીતે પૂજા-પાઠ કરતા હોય કે પછી પૂજામાં વિશ્વાસ ના કરતા હોય, તે એક હિંદુ જ છે...આ સંબંધે, આરએસએસના મતે ભારતના તમામ ૧૩૦ કરોડ લોકો હિંદુ સમાજના છે. મોહન ભાગવતે જણાવ્યું હતું કે, આરએસએસ તમામ(ધર્મના) લોકોને સ્વીકારે છે, તેમના વિશે સારું વિચારે છે અને તેમને વધારે ઉચ્ચ સ્તર પર લઈ જવા માગે છે. મોહન ભાગવત વિજય સંકલ્પ શિબિરમા હાજર લોકોને સંબોધિત કરી રહ્યા હતા.

### ગાબડું

● અનુસંધાન પહેલાનું ચાલુ

એરટેલ, રિલાયન્સ, સન ફાર્મા, અડાણી પોર્ટ્સ, એચડીએફસી બેંક, ગેલ, મારૂતિ અને આઈઓસીના શેર રેડ સિગ્નલ સાથે બંધ થયા હતા. સેક્ટોરિયલ ઈન્ડેક્સ પર નજર નાખીએ તો આજે મીડિયા અને મેટલ ગ્રીન સિગ્નલ સાથે બંધ થયા હતા. તો ફાર્મા, રિયલ્ટી, એફએમસીજી,પીએસયુ બેંક, પ્રાઈવેટ બેંક, ઓટો અને આઈટી રેડ સિગ્નલ સાથે બંધ થયા હતા.

### આરસી બુક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમયસર વાહનમાલિકોને આર સી બુક ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે કડક સુચના પણ આપવામાં આવી હતી. જયારે અડાલજ વિસ્તારમાં પોસ્ટમેનને જ નામ સરનામા મળતા ન હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેના લીધે ન્યુ ગાંધીનગરના કેટલાક વિસ્તાર સહીત અડાલજમાં આ પ્રકારની ફરિયાદો વધુ રહેતા આ અંગે પણ પાસ્ટ વિભાગના અધિકારીઓનુ ધ્યાન દોરવામાં આવ્યુ છે.